# ઈન્ફોસીટી ટાઉનશીપ ખાતે પૈસાની લેવડ દેવડમાં બે શખ્સોએ હોબાળો મચાવ્યો

ગાંધીનગર, તા.૨

ઈન્ફોસીટી વિસ્તારમાં આવેલા સુપરમોલમાં હેવમોર રેસ્ટોરન્ટના માલિકના ઘરે ગતરોજ રાત્રીના સમયે બે શખ્સોએ રૂપીયાની લેવડ-દેવડમાં માથાકુટ કરી હતી. રાત્રીના સમયે હોહા થતા સ્થાનિક વસાહતીઓ પણ ઘરની બહાર દોડી આવ્યા હતા. જયારે રેસ્ટોરન્ટના માલિકના દિકરાએ હાથ ઉછીના લીધેલા રૂપીયા પરત ન આપવા માથાકુટ થઈ હતી. રૂપીયા અંગે ફોન પર યોગ્ય જવાબ ન મળતા ઉઘરાણી આવેલા શખ્સોએ ઘર પાસે ગાળાગાળી કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા ઈન્ફોસીટી પોલીસે બે શખ્સો સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારમાં બી-૩૬ ખાતે રહેતા રાકેશ શાંતિલાલ ઠક્કર (ઉં.૫૨) ઈન્ફોસીટી ખાતે હેવમોર રેસ્ટોરન્ટ ચલાવે છે. જયારે તેમના પરિવારમાં પત્ની તેમજ દિકરો હિત (ઉં.૨૬) અને નાના દિકરા સ્મિત સાથે રહે છે. જયારે રાકેશ ઠક્કરના દિકરા હિતે સરગાસણ ખાતે સત્યમેવ રોયલમાં વસવાટ કરતા પરિમલસિંહ ચંદનસિંહ રાઠોડ પાસેથી હાથ ઉછીના રૂપીયા લીધા હતા. હિતને પૈસા આપ્યાને કેટલાક સમય બાદ પરિમલસિંહે પૈસાની ઉઘરાણી શરુ કરી હતી. હિત ઠક્કર પૈસા આપવા માટે યોગ્ય જવાબ આપતો ન હતો. જેને પગલે પરિમલસિંહે ફોન કરીને રાકેશ ઠક્કર સાથે ફોન પર શાબ્દિક માથાકુટ કરીને રૂપીયાની ઉઘરાણી કરી હતી. જેથી રાકેશ ઠક્કરે ફોન કટ કરી દીધો હતો. રૂપીયા અંગે યોગ્ય જવાબ ન મળતા પરિમલસિંહ રાઠોડ અને રવિ રબારી ઈન્ફોસીટી ખાતે પહોંચી જતા હોબાળો શરુ કર્યો હતો. બંન્ને શખ્સો ઘરની બહાર રહીને અપશબ્દો બોલતા અન્ય નાગરીકો પણ એકઠા થઈ ગયા હતા. જયારે રાકેશ ઠક્કરે પોતાના દિકરા હિતે લીધેલા નાણાનો હિસાબ લખીને આપજો હું તમારા પૈસા આપી દઈશ તેમ કહ્યું હતું. જેથી એકદમ ઉશ્કેરાયેલા શખ્સોએ પૈસા તો તમારે જખ મારીને પણ આપવા પડશે, તેમ કહીને ઝપાઝપી શરુ કરી દીધી હતી. જેથી રાકેશ ઠક્કરે કંટ્રોલ રૂમમાં ફોન કરતા બંન્ને શખ્સો જાનથી મારી નાંખવાની ધમકી આપી નાસી ગયા હતા. ઉલ્લેખનીય છે કે પરિમલસિંહ નાણા ધીરનારનું લાયસન્સ ધરાવે છે. ફરીયાદીના પુત્રને હાથ ઉછીના નાણા આપ્યા હતા, તે પરત કરતો ન હતો. પૈસાની માંગણી કરતા યોગ્ય જવાબ ન મળતા બંન્ને શખ્સોએ બોલાચાલી કરી હતી. બનાવ અંગે રાકેશ ઠક્કરની ફરીયાદને પગલો પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.



ગુજરાત બાર કાઉન્સિલના વાઈસ ચેરમેન શંકરસિંહ એસ ગોહીલે તેમના જન્મદિવસ નિમિત્તે સે-૬ના બગીચામાં લીંબડાના વૃક્ષો ઉછેરવા રોપાઓની વાવણી કરી હતી. આ ઉપરાંત કોરોનાના કપરા કાળમાં ઝુંપડાવાસીઓને ભોજપ પીરસ્યુ હતુ. આ ઉમદા કાર્યમાં તેમની સાથે વિજયસિંહ ચાવડા, આશિત ભટ્ટ, દુષ્યન્ત ભટ્ટ, પ્રતિકસિંહ સહીતના યુવા આગેવાનો પણ જોડાયા હતા.

# ‘‘વિશ્વ દૂધ દિવસ’’ નિમિતે કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા ઓનલાઈન વેબીનાર યોજાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જીલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા દ્વારા ‘આઝાદી કા અમૃત મહોત્સવ’’ અંતર્ગત ‘‘વિશ્વ દૂધ દિવસ’’ નિમિતે ઓનલાઈન વેબીનાર યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત કેન્દ્રના વડા ડો વી.કે. ગર્ગ દ્વારા પ્રાસંગિક ઉદબોધન અને શાબ્દિક સ્વાગતથી કરવામાં આવ્યુ હતુ. આ કાર્યક્રમમાં કેન્દ્રના પશુ નિષ્ણાંત ડો પ્રભાતસિંહ જાદવ દ્વારા શ્રોતાઓને સ્વચ્છ દૂધ ઉત્પાદન, પશુઓમાં જોવા મળતા મુખ્ય રોગો અને તેનું નિવારણ, સરકારશ્રીની પશુ વીમા સહાય યોજના જેવા વિષયો પર વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યુ હતુ.

આ કાર્યક્રમનું સંચાલન સેવા સંસ્થાના પ્રતિનિધિ મેઘાબેન દેસાઈ અને જ્યોત્સનાબેન દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમ સેવા સંસ્થા, અમદાવાદ સાથે સંકલન કરી યોજવામાં આવેલ જેમાં સેવા સંસ્થા સાથે સંકળાયેલી જુદા જુદા જીલ્લાઓમાંથી કૂલ ૭૫ જેટલી બહેનોએ આ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# ગાંધીજીવન શિક્ષણ દ્વારા યુવાનોનું ઘડતર કરાયું

ગાંધીનગર, તા. ૨

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ-સાદરાના બી.એ. વિભાગમાં અભ્યાસ કરતાં ઘરે બેઠા બેઠા અભ્યાસ કરી રહ્યા છે ત્યારે રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના મોટા હડમતીયા ગામના વિજય ત્રમટા નામના વિદ્યાર્થી માતા-પિતાને મદદરપ થવા માટે ખેતીકાર્ય




વિદ્યાર્થીઓને વર્ગ શિક્ષણ સાથે સાથે ગાંધીજીવન શિક્ષણ આપી યુવાનોનું ઘડતર કરવામાં આવી રહ્યું છે, જેમ કે શ્રમકાર્ય, સફાઈકાર્ય, ખાદી વણાટ કાર્ય, આસન બનાવવા કાર્ય, ખાદી પરિધાન કાર્ય, નિત્ય ત્રણ વખત ઉપાસના (પ્રાર્થના) કાર્ય, પર્યાવરણ જાળવણી કાર્યનો સમાવેશ થાય છે. કોરોના સંક્રમણને લીધે વિદ્યાર્થીઓ માટે ખેતરમાં છાણીયું ખાતર ટ્રેક્ટર દ્વારા નાખી જમીનને ફળદ્રુપ બનાવી ઉપજ વધારવાનું કાર્ય કરી રહ્યા છે જે ખરેખર ગાંધીજીવન શિક્ષણ ગ્રામ્ય યુવાનોના ઘડતરમાં મહત્વનું યોગદાન આપી રહ્યું છે. સાદરા સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ પટેલે આ વિદ્યાર્થીને અભિનંદન પાઠવ્યા છે.

## ખૂણેખાંચરેથી

- રાજ્યના મુખ્ય સચિવે આજે જિલ્લાઓ સાથે વિડીયો કોન્ફરન્સ કરી વેક્સિનેશન અને આર.ટી.પી.સી.આર. ટેસ્ટની સંખ્યા વધારવા પર ભાર મુક્યો હતો.
- કેન્દ્ર સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજનાને લઈ આજે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી સમીક્ષા કરી હતી.
- ગિયોડ-ચેખલારાણી ગામોમાં પણ ઔડા દ્વારા ગ્રામોત્થાન સદ્‌ભાવના ફંડમાંથી વિકાસ કામો માટે રકમ મંજૂર કરવામાં આવી છે.
- રાજ્ય મંત્રીમંડળની આજે મળેલ બેઠકમાં આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિની સેવાઓને બિરદાવવામાં આવી હતી.
- ગાંધીનગર મહાનગરપાલિકામાં ઉપવાસ આંદોલન પર ઉતરેલા સફાઈ કર્મચારીઓને નાયબ મ્યુનિ. કમિશનર દવેએ પારણાં કરાવ્યા હતા.
- ગાંધીનગર શહેરમાં ૧૮+ ૩૮૦૦ થી વધુ યુવાઓને તેમજ ૪૫+ ૫૦૦ થી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.
- જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭૧૦ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવાયા હતા.
- જૂનના ત્રીજા સપ્તાહથી ચોમાસુ સક્રિય થશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




હાશ... આપણાં કુંવરનું બારમુ તો હેમેખેમે પતી ગયું... આ કોરોના પચીસ સુધી ચાલવાનો છે એમ લોકો કહે છે તો... ગ્રેજ્યુએટ પણ થઈ જ જશે...!!





‘તાઉ-તે’ વાવાઝોડાથી થયેલ નુકશાનમાં ખેડૂતોની મદદમાં છે ગુજરાત સરકાર

રૂા. ૫૦૦ કરોડ ના કૃષિ પેકેજની સહાયની ચુકવણી સરકારે ચાલુ કરી દીધેલ છે.
જેના દ્વારા ખેડૂતોએ ચોમાસા પહેલા વાવેતરની કામગીરી શરૂ કરી દીધી છે.

હવે વાવાઝોડાના કારણે બાગાયતમાં થયેલ નુકશાન ઘટાડવા ખેડૂત ભાઈઓને માર્ગદર્શન

આંબા, ચીકુ, લીંબુ, દાડમ, જામફળ, સીતાફળ, નાળિયેરી વિગેરે બગીચાઓમાં ઝાડ ઢળીને જમીન પર મૂળ સાથે ચોંટેલા હોય કે જે સાવ જમીન ઉપર ઢળી ગયું હોય અથવા ત્રાંસુ થઇ ગયું હોય આવા ઝાડને માવજત

- ઝાડના ટોચની / ભાંગી ગઈ હોય તેવી તમામ ડાળીઓને જરૂરિયાત મુજબ કરવતથી કે ઈલેક્ટ્રીક ટ્રી-પ્રુનરથી સપાટ કાપવી. જયારે ઝાડ સાવ મૂળ સાથે ઉખડી ગયા હોય તો થડથી ૧૦ થી ૧૫ ફૂટ રાખી ઝાડનું હેવી કટિંગ કરવું.
- ઝાડ જે દિશામાં નમી ગયેલ હોય તેની વિરુધ્ધ દિશામાં ૪ ફૂટનો ખાડો કરી તેમાં છાણિયું ખાતર અને માટીનું મિશ્રણ નાંખવું ત્યારબાદ ઝાડને હળવેકથી ઉંચા કરી ટેકો આપી જરૂરિયાત મુજબના છાણિયું ખાતર તેમજ માટીનું મિશ્રણ પૂરી ઝાડને ઉભું કરવું.
- ઝાડ ફરી ઉભુ કર્યા બાદ તુરંત ખામણું કરી પાણી આપવું તેમજ કોપર ઓક્ઝીક્લોરાઈડ ૪૦ ગ્રામ/૧૦ લીટર પાણી મુજબ દ્રાવણ બનાવી ઝાડના થડની ફરતે ખામણામાં અંદાજે ૧.૫ થી ૨ લીટર દ્રાવણ રેડવું.
- ઝાડના કાપેલા ભાગ પર રોગ ન આવે તે માટે બોર્ડોપેસ્ટ લગાવવું. (બોર્ડોપેસ્ટ બનાવવા માટે ૧ કિલો મોરથુથુ + ૧ કિલો ચૂનો + ૧૦ લીટર પાણીનો પ્રમાણ મુજબ ઉપયોગ કરવો).
- ઝાડને કોપર એક્ઝીક્લોરાઇડ ૧૫ ગ્રામ/૧૦ લીટર પાણીમાં નાખી છંટકાવ કરવો.
- નાળિયેરીમાં જે ઝાડની પોટી નુકશાન પામેલી ન હોય, ઝાડ વચ્ચેથી બટકી ગયેલ ન હોય અને ફક્ત આડું કે ત્રાંસુ થઇ ગયેલ હોય તો ઉપર મુજબ ખાડા કરી, ખાતર આપી, ઉભું કરવું, કોપર ઓક્ઝીક્લોરાઈડનું ડ્રેન્ચિંગ કરવું અને ખામણું કરી પાણી આપવું.
- કેળ પાક પડી જવાથી નાશ પામે તે કીસ્સામાં થડ પાસે આવેલ તંદુરસ્ત પીલો રહેવા દઇ તેની માવજત કરવાથી ૧૦-૧૨ માસમાં તેમાં લુમ આવશે.
- ખાડા કરેલ ભાગમાં કેળ અને પપૈયાના થડ ઉપરથી કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ/ ૧૦ લિટર પાણીમાં ઓગાળીને પાંચ લીટર જેટલું દ્રાવણ રેડવું ત્યારબાદ વધારાનું દ્રાવણ ખાડામાં રેડી દેવું, ત્યારબાદ નમી ગયેલ છોડને ધીમેથી મૂળને નુકસાન ન થાય તે રીતે કાટખૂણે ઊભા કરી છોડની ફરતે જમીનથી આશરે ૧ ફૂટ ઊંચાઈ સુધીનો માટીનો પાળો કરવો.
- આ બધી પ્રક્રિયા દરમિયાન જમીનમાં ભેજ ન હોય તો શરૂઆતના દિવસોમાં ભેજ ની ઊણપ ન વર્તાય તે રીતે પિયત આપવું.
- ઉપરના માર્ગદર્શન પ્રમાણે આપની વાડીમાં વાવાઝોડાને કારણે થયેલ નુકશાન તમો ઓછું કરી શકો છો અને શક્ય હોય તેટલા વધુ ઝાડ બચાવી તેનું વહેલુ ઉત્પાદન મેળવી શકો છો.

રાજ્યની ચાર યુનિવર્સિટીઓના ૨૫૮ કૃષિ વૈજ્ઞાનિકોએ સતત ૧૦ થી ૧૨ દિવસ સુધી ૧૨૦૦ અસરગ્રસ્ત ગામો ખૂંદી વળી ૧૧,૦૦૦ ખેડૂતોનો સંપર્ક, ૧૫૮૪ નિદર્શનો દ્વારા માર્ગદર્શન આપ્યું

ફળ ઝાડ વાવેતર સાથે જેતે વિસ્તારને અનુરૂપ મગફળી, કઠોળ, શાકભાજી, ઘાસચારા વગેરેનું આંતરપાક તરીકે વાવેતર કરી પૂરક આવક મેળવવી.

હવે ખેડૂતોની વાડીઓમાં ફળફળાદીના વૃક્ષોમાં થયેલ નુકસાન ઓછું કરવા કૃષિ વૈજ્ઞાનિકોનું માર્ગદર્શન અપનાવવા ખેડૂતોને વિનંતી.

વિવિધ સહાયલક્ષી યોજનાઓ માટે ikhedut પોર્ટલ (ikhedut.gujarat.gov.in) પર માહિતી ઉપલબ્ધ છે.

“રાજ્ય સરકાર વાવાઝોડાથી અસરગ્રસ્ત ખેડૂતોને ઝડપથી બેઠા કરવા પ્રતિબદ્ધ છે.”
- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ગુજરાત સરકાર